

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક
સ્વીચ લગાવો
જે મોટર ને
ઓટોમેટીક
ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક પુનમ મંગળવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૧૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

એનવીડિયાના સુકાની તરીકે જેન્સન હુઆંગની વાપસી

કંપનીના બોર્ડે કહ્યું કે એનવીડિયાનું નેતૃત્વ કરવા માટે જેન્સન યોગ્ય વ્યક્તિ છે

કથિત ચીની મહિલા જાસૂસ સાથેના સંબંધો બદલ રાજીનામું આપ્યું તેના થોડા જ દિવસમાં ફરી નિયુક્ત

પ્રેમસંબંધના વિવાદ અને સમર્થકોની ઓનલાઇન અરજી વચ્ચે બોર્ડે ફરી સોંપી CEOની કમાન

ન્યૂયોર્ક, તા. 23 (AP): આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) ચિપ બનાવતી કંપની એનવીડિયાના બોર્ડે સોમવારે એક આશ્ચર્યજનક પગલું ભરતા જેન્સન હુઆંગને ફરીથી પ્રમુખ અને સીઈઓ તરીકે



નિયુક્ત કર્યા છે. કંપનીમાં પરત ફરવાની તેમની ઓફરને બોર્ડે નકારી કાઢી તેના થોડા જ દિવસો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ચીની જાસૂસ હોવાની શંકા ધરાવતી એક મહિલા સાથે પ્રેમસંબંધ હોવાની હુઆંગની કબૂલાત બાદ ઊભા થયેલા વિવાદમાં આ સૌથી નવો વળાંક છે. જ્યારે કે બોર્ડે અગાઉ પાછા ફરવાની હુઆંગની દરખાસ્ત

...અનુસંધાન પાના 15 પર

એનવીડિયા વિવાદના કેન્દ્રમાં રહેલી એલિસ હુઆંગ હાલ બેઇજિંગમાં

જેન્સન હુઆંગ જ્યારે ફરીથી એનવીડિયાનું નિયંત્રણ સંભાળવાની તૈયારી કરી રહ્યા છે, ત્યારે તેમને પદ છોડવાની ફરજ પાડનાર આ અસાધારણ કોર્પોરેટ અને રાષ્ટ્રીય સુરક્ષા કૌભાંડને લગતો એક સવાલ હજુ પણ અનુત્તર છે – એલિસ હુઆંગ ક્યાં છે? એ મહિલા જેમના ચીનની ગુપ્તચર સંસ્થાઓ સાથેના કથિત સંબંધોએ આ સંકટ ઊભું કરવામાં મદદ કરી હતી. ભૂતપૂર્વ પત્રકાર એલિસ હુઆંગ, જેઓ આગળ જતાં દક્ષિણ-પૂર્વ એશિયાના ટેકનોલોજી ઉદ્યોગમાં એક શક્તિશાળી વ્યક્તિ બન્યા હતા, તેઓ એવા વ્યવસાયના કેન્દ્રમાં હતા જેના પર અમેરિકી કાયદાઓનું સંભવિત ઉલ્લંઘન કરીને ચીની કંપનીઓને અત્યાધુનિક એનવિડિયા AI ચિપ્સ મેળવવામાં મદદ કરવાની શંકા હતી.'ધ

...અનુસંધાન પાના 15 પર

એનવીડિયાનો શેર 30 ટકા ઉછળ્યો

જેન્સન હુઆંગ એનવીડિયામાં પાછા ફરતા કંપનીના શેરમાં આજે મોટો ઉછળો આવ્યો હતો. ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એનવિડિયાના શેરમાં આશરે ૩૦%નો ઉછાળો જોવા મળ્યો હતો–જે લગભગ ૧૬૭.૦૪ ડોલર પર ખુલ્યો હતો અને સમગ્ર ટેક સેક્ટરના સેન્ટિમેન્ટને મજબૂતી આપી હતી. કંપનીના બોર્ડે સહ-સ્થાપક જેન્સન હુઆંગના રાજીનામાના માત્ર ૧૧ દિવસ બાદ જ સર્વસંમતિથી તેમને ફરીથી પ્રમુખ, CEO અને બોર્ડ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા બાદ આ તેજી આવી હતી.

ટ્રમ્પે જેન્સન હુઆંગને અને બાદમાં એનવીડિયાના બોર્ડ સભ્યોને ફોન કર્યો

વોશિંગ્ટન. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે 'જાસૂસી' કૌભાંડને કારણે પદ પરથી હટાવવામાં આવ્યા બાદ, AI ક્ષેત્રના દિગ્ગજ એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગને ફરીથી તેમના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા તે પહેલાં તેમણે હુઆંગને શું કહ્યું હતું. ટ્રમ્પે સોમવારે સવારે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'NVIDIA ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે જેન્સન હુઆંગને સીઈઓના પદ પર પરત લાવવાનો સાચો અને યોગ્ય નિર્ણય લીધો છે.' વ્હાઇટ હાઉસે પુષ્ટિ કરી છે કે હુઆંગને ફરીથી નેતૃત્વ સોંપવાની હિમાયત કરવા માટે ટ્રમ્પે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને ફોન કર્યો હતો. ટ્રમ્પે CNBC ને આપેલા એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, 'મેં ગઇકાલે રાત્રે જેન્સન હુઆંગ સાથે વાત કરી હતી. મેં કહ્યું, 'જેન્સન, બસ મને

...અનુસંધાન પાના 15 પર



■ ઉત્તરાખંડના હરદ્વારમાં હર કી પૌડી ખાતે કાર્તિક પુર્ણિમાના પ્રસંગે ગંગા નદીમાં ડૂબકી મારવા માટે ભેગા થયેલા લોકો તસવીરમાં જોઇ શકાય છે.

દિલ્હી ડાયરી



એનસીએપી ફંડના 78 ટકા વપરાશ છતાં દિલ્હી નવી ફાળવણીથી વંચિત

2019માં નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (એનસીએપી) ની શરૂઆત થઈ ત્યારથી પ્રથમ વખત દિલ્હીએ આ યોજના હેઠળ મળેલા ભંડોળના લગભગ 78 ટકા હિસ્સાનો ખર્ચ કર્યો છે. પરંતુ નવી ગ્રાન્ટ મેળવવા માટે પાત્ર બનવા જરૂરી 75 ટકા ભંડોળના ઉપયોગની શરત પૂરી કરવા છતાં રાજધાની શહેરને 2024-25થી કોઈ નવી ફાળવણી મળી નથી. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે કેન્દ્રના મહત્ત્વાકાંક્ષી એનસીએપી ભંડોળનું ભવિષ્ય અનિશ્ચિત છે. 16મા નાણાં પંચે આ કાર્યક્રમના મોટા ભાગને નાણાકીય સહાય પૂરી પાડતી સમર્પિત વાયુ ગુણવત્તા ગ્રાન્ટ બંધ કરી દીધી છે. 130 શહેરોને આવરી લેતી આ યોજનાને આગામી વર્ષોમાં કેવી રીતે ભંડોળ પૂરું પાડવામાં આવશે તે અંગે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય હાલમાં નાણાં મંત્રાલય સાથે વાતચીત કરી રહ્યું છે. એનસીએપી ગ્રાન્ટ રજકણોના પ્રદૂષણને રોકવા માટે શહેરો જે પગલાં પર નિર્ભર છે તેવા અનેક કાર્યોને નાણાકીય સહાય પૂરી પાડે છે, જેમાં યાંત્રિક રીતે રસ્તાઓની સફાઈ, રસ્તાઓ પાકા કરવા, ધૂળ નિયંત્રણના પગલાં તેમજ શહેરી હરિયાળીનો સમાવેશ થાય છે. એનસીએપીના નિયમો અનુસાર, દરેક શહેરે પછીના હપ્તાઓ માટે પાત્ર બનતા પહેલાં મળેલા ભંડોળના ઓછામાં ઓછા 75 ટકા ખર્ચવા પડે છે, નાણાંનો ઉપયોગ કેવી રીતે થયો તેની વિગતો સબમિટ કરવી પડે છે તથા બાકી રહેલા કામો પૂર્ણ કરવા પડે છે. સત્તાવાર રેકોર્ડ મુજબ, દિલ્હીએ અત્યાર સુધીમાં ફાળવવામાં આવેલા 81.35 કરોડ રૂપિયામાંથી 63.69 કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

કોંગ્રેસના સંગઠનાત્મક ફેરબદલમાં બે સચિવોની ચોંકાવનારી વાપસી

તાજેતરના સંગઠનાત્મક ફેરબદલ દરમિયાન ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૩-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
33.૬° સે.	૨૦.૬° સે.	૬૩%

મોદીએ બાલેન શાહને રામાયણનું ચિત્ર, બનારસી શાલ, ગંગાજળ ભેટમાં આપ્યા

બનારસી શાલ ગુજરાતના પ્રખ્યાત સદેલી બોક્સમાં મૂકીને આપવામાં આવી

નવી દિલ્હી, ૨૩ (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે તેમના નેપાળી સમકક્ષ બાલેન્દ્ર શાહને 'કલમકારી સંપૂર્ણ રામાયણ' ચિત્રકળા, 'સદેલી' બોક્સમાં બનારસી બ્રોકેડ શાલ અને 'ગંગાજળ' ભેટમાં આપ્યા હતા.

નવી દિલ્હીની બે દિવસીય મુલાકાતે આવેલા શાહે મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓએ ઉત્તર પ્રદેશના અયોધ્યા અને નેપાળના જનકપુર વચ્ચેની ટ્રેન સેવાને વર્ચ્યુઅલી લીલી ઝંડી પણ બતાવી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, મોદીએ શાહને ભેટમાં આપેલા ચિત્રમાં



ભગવાન રામની યાત્રાના મુખ્ય પ્રસંગો–તેમના જન્મ અને વનવાસથી લઈને રાવણ પર વિજય અને અયોધ્યા પરત ફરવા સુધીના પ્રસંગો દર્શાવવામાં આવ્યા છે.

આંધ્રપ્રદેશની પરંપરાગત શ્રીકાળહસ્તી શૈલીમાં વાંસની કલમ અને કુદરતી રંગોનો ઉપયોગ કરીને સુતરાઉ કાપડ પર હાથથી દોરવામાં આવેલી આ કલાકૃતિ ભારતના વાર્તાકથન, ભક્તિ અને પરંપરાગત હસ્તકલાના સમૃદ્ધ વારસાને પ્રદર્શિત કરે છે. તે ભારત અને નેપાળ વચ્ચેના ચિરસ્થાયી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંબંધોનું પણ પ્રતિક છે, જે ભગવાન રામની ભૂમિ અયોધ્યાને દેવી સીતાના જન્મસ્થળ તરીકે જાણીતા જનકપુર સાથે જોડે છે અને બંને રાષ્ટ્રોના સહિયારા વારસા, મિત્રતા અને મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે.

મોદીએ શાહને સદેલી બોક્સમાં બનારસી બ્રોકેડ શાલ પણ ભેટમાં આપી હતી. કુશળ માસ્ટર વણકરો દ્વારા તૈયાર કરવામાં આવેલા જટિલ ડિઝાઈન અને ચમકતા જરીકામવાળા વારાણસીના આ રેશમી શાલને ગુજરાતના સદેલી બોક્સમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં જટિલ ભૌમિતિક જડતરકામ અને પરંપરાગત લાકડાકામની કળા જોવા મળે છે. વડાપ્રધાને તેમના નેપાળી સમકક્ષને પિત્તળના કળશમાં વારાણસીનું 'ગંગાજળ' પણ ભેટમાં આપ્યું હતું.

ભારત-નેપાળ વચ્ચે આઠ કરારો

મોદી-બાલેન શાહ વચ્ચે મંત્રણા, ભારતની મુલાકાતે આવેલા નેપાળના વડાપ્રધાને ભારત-નેપાળ સંબંધોને હિમાલય જેવા અડગ ગણાવ્યા

બંને વડાપ્રધાનોએ સંયુક્ત રીતે વિકાસ પ્રોજેક્ટોના વર્ચ્યુલઅલ ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા

મંત્રણા પછી બંને દેશોનો સંયુક્ત વિઝન ડોક્યુમેન્ટ જારી

નવી દિલ્હી, તા. 23 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નેપાળ માટે મોટા આર્થિક પેકેજની જાહેરાત કરી હતી અને તેમના નેપાળી સમકક્ષ બાલેન્દ્ર શાહ સાથે



મળીને સરહદ પારની પેસેન્જર ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. બંને પક્ષોએ એક વિઝન ડોક્યુમેન્ટને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા માટે આઠ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા, જે લાંબા સમયથી ચાલી રહેલા સરહદ વિવાદને કારણે સંબંધોમાં આવેલી કડવાશ બાદ એક મોટા પરિવર્તનનો સંકેત આપે છે.

તેમની વ્યાપક વાતચીતમાં, બંને વડાપ્રધાનોએ પોતપોતાના વિદેશ સચિવોને બાકી રહેલા સરહદ મુદ્દા પર કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જ્યારે શાહે કહ્યું હતું કે નેપાળ-ભારત સંબંધો "હિમાલય જેવા અડગ અને મહાસાગરો જેવા વિશાળ" છે.

...અનુસંધાન પાના 15 પર

અયોધ્યાથી નેપાળના જનકપુર સુધી નવી ટ્રેન શરૂ

નવી દિલ્હી/અયોધ્યા: વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના નેપાળી સમકક્ષ બાલેન્દ્ર શાહે સોમવારે ઉત્તર પ્રદેશના અયોધ્યા અને નેપાળના જનકપુર ધામને જોડતી 'સરયૂ-કમલા એક્સપ્રેસ'ને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી બતાવી હતી. ભગવાન રામ અને માતા સીતા સાથે જોડાયેલા આ બે પવિત્ર સ્થળો વચ્ચેની આ ટ્રેન સેવાથી 'રામાયણ સર્કિટ' પર ધાર્મિક અને સાંસ્કૃતિક પર્યટનને મોટો વેગ મળવાની અપેક્ષા છે.

પોતાની પ્રથમ સત્તાવાર મુલાકાતે દિલ્હી આવેલા શાહે જણાવ્યું હતું કે, 'ભગવાન રામ અને માતા

...અનુસંધાન પાના 15 પર

બાળકો એ માતા-પિતાની મિલકત કે રમકડાં નથી: સુપ્રીમ કોર્ટ

છૂટાછેડાના કિસ્સામાં બાળકોનો કબજો કોની પાસે રહે તે નક્કી કરવા અદાલતે માત્ર કાયદાની રીતે જોવાને બદલે માનવીય અભિગમ અપનાવવો જોઇએ

નવી દિલ્હી, તા. 23 (PTI): વાલીની નિમણૂક કરતી વખતે સગીર બાળકનું કલ્યાણ એ અદાલત માટે સર્વોપરી બાબત છે, તેમ સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું અને અવલોકન કર્યું હતું કે બાળકો તેમના માતા-પિતા માટે માત્ર 'મિલકત' કે રમકડાં નથી.

છૂટાછેડા લીધેલા માતા-પિતાના બે સગીર બાળકોની કસ્ટડી અંગેની અરજી પર સુનાવણી કરતી વખતે અદાલતે કહ્યું કે બાળકોને તેમની માતાથી અલગ ન કરવા જોઈએ, જેમની સાથે વર્ષોથી તેમનો ગાઢ કુદરતી લગાવ વિકસ્યો છે. પિતા પણ તેમના બાળકોનો સાથ મેળવવાને લાયક છે, જેઓ "તૂટેલા લગ્નજીવન" નો ભોગ બન્યા છે, તેવું અવલોકન કરતાં ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ અપરેશ કુમાર સિંહની ખંડપીઠે જણાવ્યું હતું કે પિતાને દર મહિનાના બીજા શનિવાર અને રવિવારે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી સગીર બાળકોને મળવાની મંજૂરી આપવામાં આવશે.

ખંડપીઠે જણાવ્યું કે જ્યારે અદાલત સમક્ષ માતા-પિતાની પરસ્પર વિરોધી માંગણીઓ આવે છે, ત્યારે તેણે આ મુદ્દાને માત્ર કાયદાકીય દ્રષ્ટિકોણથી જોવો જોઈએ નહીં. અદાલતે કહ્યું, આવા મામલાઓમાં મુદ્દાઓનો નિર્ણય લેવા માટે માનવીય પરિબળો પણ સુસંગત છે. ઘણીવાર કહેવામાં આવે છે કે બાળકો તેમના માતા-પિતા માટે માત્ર મિલકત કે રમકડાં નથી. અદાલત હવે ૧૬ અને ૧૪ વર્ષની વયના બે છોકરાઓની

...અનુસંધાન પાના 15 પર

ભારતીય બેંકો રોકડની અછત અનુભવી રહી છે

આરબીઆઇએ રૂ. ૧૨,૮૨૫ કરોડનું ભંડોળ ઠાલવ્યું, ઓક્ટોબરથી માર્ચ વચ્ચે સામાન્ય રીતે વધુ રોકડ બેંકોમાંથી ખેંચાઇ જતી હોય છે પરંતુ આ વર્ષે તે વધુ પડતું બન્યું

નવી દિલ્હી, તા. 23 : ટેક્સની ચુકવણી અને રોકડ ઉપાડ વધવાને કારણે બેંકો પાસે ઉપલબ્ધ નાણાંમાં ઘટાડો થતાં, ભારતની બેંકિંગ સિસ્ટમ લગભગ પાંચ મહિનામાં પ્રથમ વખત રોકડની અછતનો સામનો કરી રહી છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ દબાણ હળવું કરવા અને બેંકો પાસે તેમની ટૂંકા ગાળાની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતી રોકડ રહે તે સુનિશ્ચિત કરવા ભારતીય રિઝર્વ બેંકે નવા ભંડોળ પૂરા પાડવા માટે પગલું ભર્યું છે.

સત્તાવાર ડેટા દર્શાવે છે કે ૨૧ નવેમ્બર સુધીમાં આરબીઆઇએ ધિરાણકર્તાઓને રૂ. ૧૨,૮૨૫ કરોડનું ભંડોળ પૂરું પાડ્યું હતું. ૨૯ જૂન પછી સેન્ટ્રલ બેંક દ્વારા કરવામાં આવેલ આ પ્રથમ નાણાકીય પ્રવાહિતા ઠાલવવાની કામગીરી હતી. રોકડની આ તાજેતરની તંગી માત્ર બે મહિના પહેલાની પરિસ્થિતિથી તદ્દન વિપરીત ફેરફાર દર્શાવે છે, જ્યારે બેંકો પાસે રેકોર્ડ સ્તરે વધારાનું ભંડોળ હતું. વિદેશમાં રહેતા ભારતીયો પાસેથી થાપણો આકર્ષવા અને રૂપિયાને ટેકો આપવા માટે આરબીઆઇના એક ખાસ કાર્યક્રમ હેઠળ આવેલા મોટા ડોલર પ્રવાહને કારણે તે વધારાનું ભંડોળ જળવાઈ રહ્યું હતું.

વર્તમાન નાણાકીય પ્રવાહિતાની તંગી પાછળનું એક મુખ્ય કારણ ટેક્સની ચુકવણી અને રોકડ ઉપાડ દ્વારા બેંકોમાંથી નાણાં બહાર જવું

...અનુસંધાન પાના 15 પર

એશિયામાં ભારતની 'પાવર' કુલ છલાંગ: ત્રીજી મોટી શક્તિ

એશિયા પાવર ઇન્ડેક્સ અનુસાર એશિયન ક્ષેત્રમાં અમેરિકા અને ચીન પછી ભારત ત્રીજા સ્થાને યથાવત પરંતુ સ્થિતિ વધુ મજબૂત બની

ભારત અને ચીન વચ્ચેનો પોઇન્ટની બાબતમાં તફાવત ઓછો થયો, ત્રણ સ્થાનની છલાંગ સાથે વડાપ્રધાન મોદી ચીની પ્રમુખ જિનપિંગ પછી એશિયામાં સૌથી પ્રભાવશાળી નેતા, એશિયન ક્ષેત્રમાં જાપાન, રશિયા અને ઓસ્ટ્રેલિયા ચોથા, પાંચમા અને છઠ્ઠા ક્રમે

નવી દિલ્હી, તા. 23 (PTI): ઓસ્ટ્રેલિયાની લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલા '૨૦૨૬ એશિયા પાવર ઇન્ડેક્સ' અનુસાર, ભારતે એશિયાની ત્રીજી સૌથી મોટી શક્તિ તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. ભારતના એકંદર પાવર સ્કોર અને ચીનના સ્કોર વચ્ચેનો તફાવત ઘટીને ૨૦૧૮ પછીના સૌથી નીચલા સ્તરે આવી ગયો છે, આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ સ્થાનની છલાંગ લગાવીને આ ક્ષેત્રના બીજા સૌથી પ્રભાવશાળી નેતા બન્યા છે.

ભારતનો એકંદર સ્કોર ૦.૫ પોઈન્ટ વધીને ૪૦.૫ થયો છે, જે આ ક્ષેત્રની ટોચની ૧૦ શક્તિઓમાં સૌથી મોટો સુધારો છે, જ્યારે ચીનનો સ્કોર નજીવો ૦.૧ પોઈન્ટ ઘટીને ૭૩.૬ થયો છે. બંને દેશો વચ્ચેનો ૩૩.૧

...અનુસંધાન પાના 15 પર

રોકાણો આકર્ષવાની બાબતમાં ચીન કરતા ભારત આગળ

રોકાણ આકર્ષવાની બાબતમાં ભારત ચીનને પાછળ છોડીને બીજા ક્રમે રહ્યું છે. ભારતે ૨૦૧૫-૨૪ દરમિયાન ૫૫૨ અબજ અમેરિકન ડોલરનું સંચિત વિદેશી મૂડીરોકાણ આકર્ષ્યું છે, જ્યારે ચીનનું રોકાણ ૫૩૩ અબજ ડોલર રહ્યું છે. માત્ર અમેરિકા ૧.૧૩ ટ્રિલિયન ડોલર સાથે ભારતથી આગળ છે. વૈશ્વિક રોકાણ

...અનુસંધાન પાના 15 પર

સશસ્ત્ર દળોના માપદંડમાં ભારત પ્રથમ સ્થાને: જો કે લશ્કરી ક્ષમતાની બાબતમાં ચોથો ક્રમ

લોવીના સશસ્ત્ર દળોના માપદંડમાં પણ ભારત ૧૦૦ સ્કોર સાથે પ્રથમ ક્રમે રહ્યું છે, જે ચીન(૮૫.૩) અને અમેરિકા(૬૪.૮) કરતા આગળ છે. આ માપદંડ સક્રિય લશ્કરી અને અર્ધલશ્કરી દળોનું કદ, તેમની તાલીમ અને સજ્જતા

...અનુસંધાન પાના 15 પર

મોટી યુવા વસ્તીનો ભારતને ખાસ ફાયદો

ઇન્ડેક્સમાં ભારતનો સૌથી મોટો ફાયદો તેના ભાવિ વસ્તી વિષયક સંસાધનો છે, ખાસ કરીને તેની કાર્યશીલ વયની વસ્તીનું અંદાજિત કદ. વસ્તી વિષયક સંસાધનોના માપદંડમાં ભારતે ૧૦૦ સ્કોર મેળવ્યો છે, જે ચીન(૩૯.૬) અને અમેરિકા(૩૩.૨) કરતા ઘણો આગળ છે. લોવીનું મૂલ્યાંકન કાર્યશીલ વયની વસ્તીના કદ અને અંદાજિત વૃદ્ધિની સાથે ૨૦૩૦ પછી આર્થિક વિકાસમાં શ્રમબળના સંભવિત યોગદાનને ધ્યાનમાં લે છે. સંસ્થાના અંદાજો અનુસાર, ૨૦૫૦ સુધીમાં ભારતની કાર્યશીલ

...અનુસંધાન પાના 15 પર

